રજુ તારીખ : ૧૮/૦૩/૨૦૨૩
દાખલ તારીખ : ૧૮/૦૩/૨૦૨૩
ફેંસલ તારીખ: ૨૫/૦૬/૨૦૨૬
સમયગાળો : વર્ષ, માસ, દિવસ
03 03 07

## રાપરના મહે.જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.જજ સાહેબની કોર્ટમાં, મુકામ–રાપર.

**ફોજદારી કેસ નં. ૪૭૨/૨૦૨૩**
**આંક :–**

**ફરીયાદી:–** સરકારશ્રી,

–––– વિરુધ્ધ ––––

**આરોપી :–** (૧) **મહેન્દ્ર ઉર્ફે મેંદો ઉર્ફે મેંદીયો જીવણભાઈ મકવાણા (કોલી),**
રહે. ગેલીવાડી, રાપર (કચ્છ).

(૨) **ભરતભાઈ પ્રેમજીભાઈ કાનાણી (કોલી),**
રહે. મુળ–ત્રંબો, તા.રાપર, હાલે દુધ ડેરી વિસ્તાર, રાપર, તા.રાપર (કચ્છ).

(૩) **સુરેશભાઈ પ્રેમજીભાઈ કાનાણી (કોલી),**
રહે. ગેલીવાડી, રાપર (કચ્છ).

==================================================================

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી વી. કે. હઠીલા
આરોપીપક્ષ તરફે વિ.વકીલશ્રી આર.આર.ચંદે

==================================================================

**પ્રોહીબીશન એકટ કલમ : ૬૫(એઈ), ૧૧૬(બી), ૮૧ મુજબ...**

**– :: ઠરાવ :: –**

(૧) ફરિયાદી પક્ષનાં કેસની વિગત ટુંકમાં એવી છે કે, આ કામના હાલના આરોપી તથા અન્ય આરોપીઓએ પોતાના અંગ કબજામાં ગેરકાયદેસરનો વગર પાસ પરમીટે અલગ અલગ બ્રાન્ડના કવાટરીયા તથા બીયરના ટીન નંગ–૧૪૬૪૦, જેની કુલ કીમત રૂા.૧૪,૬૪,૦૦૦/– પ્રોહી મુદ્દામાલનો વેચાણ અર્થે રાખી, એકબીજાને મદદગારી કરી, પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એઈ), ૧૧૬(બી),૮૧ મુજબ ગુન્હો કરેલ હોવાથી આડેસર પો.સ્ટેશનમાં ગુના રજી.નં.૧૪૨/૨૦૨૨ ગુનો દાખલ કરવામાં આવેલ અને તે મુજબના ગુન્હાનું ચાર્જશીટ ત.ક.અ. દ્વારા અત્રેની કોર્ટમાં કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:૨૦૭ અન્વયે વિના મુલ્યે આપ્યા બાદ આરોપી સામે આંક–૨૮ થી તહોમતનામુ ફરમાવવામા આવેલ છે અને ત્યારબાદ આરોપીનું આંક–૨૯ થી ૩૧ અન્વયે નિવેદન લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે.

(૩) આ કામમાં ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| –:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ::– | |
|---|---|
| **અનુ. નં.** | **વિગત** |
| ૧. | આંક–૧૫ થી ફરીયાદી અરવિંદસિંહ સુરૂભા ઝાલા |
| ૨. | આંક–૧૬ થી ફરીયાદ |
| ૩. | આંક–૧૭ થી પોલીસ સાહેદ ભગવાનભાઇ નાગજીભાઇ ચૌધરી |
| ૪. | આંક–૧૮ થી પંચસાહેદ હીરાભાઇ રાણાભાઇ કોલી |
| ૫. | આંક–૨૧ થી પંચનામું |
| ૬. | આંક–૨૦ થી પંચસાહેદ દીનેશભાઇ રાણાભાઇ કોલી |
| ૭. | આંક–૨૧ થી પોલીસ સાહેદ રાજેશભાઇ વિરમભાઇ પરમાર |
| ૮. | આંક–૨૪ થી પોલીસ સાહેદ યોગેન્દ્રસિંહ ચંદનસિંહ રાજપુત |
| ૯. | આંક–૨૫ થી પોલીસ સાહેદ દલપતસિંહ પીરાજી સોલંકી |
| ૧૦. | આંક–૩૨ થી પોલીસ સાહેદ કાંતિસિંહ ઓખાજી રાજપુત |
| ૧૧. | આંક–૩૬ થી પોલીસ સાહેદ મનોહરસિંહ મહાવીરસિંહ જાડેજા |
| ૧૨. | આંક–૩૯ થી પોલીસ સાહેદ વિષ્ણુદાન શંકરદાન ગઢવી |
| ૧૩. | આંક–૪૦ થી પોલીસ સાહેદ દીલીપભાઇ મણીલાલ પરમાર |
| ૧૪. | આંક–૪૯ થી પોલીસ સાહેદ ભરતકુમાર ગંગારામભાઇ રાવલ |
| ૧૫. | આંક–૫૨ થી પોલીસ સાહેદ દીલુભા રામભા ગઢવી |
| ૧૬. | આંક–૫૩ થી રવાનગી પત્રક |
| ૧૭. | આંક–૫૪ થી એફ.એસ.એલ.રીપોર્ટ |

(૪) આ કામે ફરીયાદપક્ષે મહત્વના સાક્ષીઓ એવા પંચોને તપાસ્યા બાદ હાલના કેસના સંજોગો ઘ્યાને લેતાં, ફરીયાદપક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ હોય તથા આરોપીનું વિશેષ નિવેદન લેવા જેવો પુરાવો રેકર્ડ પર આવેલ હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદા ::-**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના હાલના આરોપી તથા અન્ય આરોપીઓએ પોતાના અંગ કબજામાં ગેરકાયદેસરનો વગર પાસ પરમીટે અલગ અલગ બ્રાન્ડના કવાટરીયા તથા બીયરના ટીન નંગ-૧૪૬૪૦, જેની કુલ કીમત રૂ.૧૪,૬૪,૦૦૦/- પ્રોહી મુદ્દામાલનો વેચાણ અર્થે રાખી, એકબીજાને મદદગારી કરી, પ્રોહીબીશન એકટ કલમ-૬૫(એઈ), ૧૧૬(બી),૮૧ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણય નીચે પ્રમાણે છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**(૭) મુદ્દા નં. ૧ .**

**(૭.૧)** ફોજદારી ન્યાયશાસ્ત્રના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષ ધ્વારા આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે અને જયાં સુધી આરોપી સામેના ગુન્હો સાબીત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. આરોપી સામેના આક્ષેપો સાબીત કરવા માટે ફરીયાદપક્ષ તરફથી સકારાત્મક પુરાવો રજુ કરી આરોપી સામેના આક્ષેપો સાબીત કરવા જોઈએ.

**(૭.૨.)** ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા આંક-૧૮ થી પંચસાહેદ હીરાભાઇ રાણાભાઇ કોલી તથા આંક-૨૦ થી પંચસાહેદ દીનેશભાઇ રાણાભાઇ કોલીને તપાસેલ છે. આ સાહેદએ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ તે સિવાય પંચનામાની હકીકતો સબંધે કંઈ કહેતા નથી. આમ, આ પંચસાહેદોએ આંક-૧૯ ના પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી.

**(૭.૩)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક-૧૫ થી ફરીયાદી અરવિંદસિંહ સુરૂભા ઝાલાનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, હું સને 2022 માં આડેસર પોલીસ સ્ટેશનમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો તે દરમિયાન ગઈ તારીખ 13 6 2022 ના રોજ હું તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ પરમાર તથા પોલીસ કોન્સ્ટેબલ યોગરાજસિંહ તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ કાંન્તીસિંહ નાઓ ચિત્રોડ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન શ્રી બીજી રાવલ સાહેબનાઓનો ફોન આવેલ અને કહેલ કે તમે ખાનપર ત્રણ રસ્તે

પાસે આવો જેથી અમો પેટ્રોલિંગમાં રહેલ તમામ ખાનપર ત્રણ રસ્તે આવેલ ત્યાં પો.સ.ઇ શ્રી બીજી રાવલ સાહેબ તથા ગઢવી તથા ડ્રાઈવર ભગવાનભાઈ નાઓ આવેલ અને કહેલ કે એક હકીકત મળેલ છે કે ખાનપર ગામના ગોવિંદ કરશન તથા મહેન્દ્ર જીવણ કોલી તેના સાગરીતો રાખીને વિદેશી દારૂનું ભારતીય બનાવટના વિદેશી દારૂનું વેચાણ કરી માલ સગેવગે કરવાની તૈયારીમાં છે જેથી તેવી જાણ અમોને કરતા તેમ જ બે પંચોના માણસોને બોલાવવાનું કહેતા અમો બે પંચોના માણસો બોલાવી જેમાં દિનેશ લક્ષ્મણ કોલી તથા રાણાભાઈ કોલી પૂરું નામ હાલે યાદ નથી જેવો બંને સાથે સ્ટાફના માણસો હકીકત વાળી ખાનપર ગામની સીમમાં આવેલ વોકરામાં તપાસ કરતા ત્યાંથી ભારતીય બનાવટનો ઇંગ્લિશ દારૂનો અલગ અલગ બ્રાન્ડનો ક્વાટરિયા તથા બિયર ના ટીન જેમાં 480 આશરે તથા અલગ અલગ બ્રાન્ડના ક્વાટરિયા મળી કુલ કી.રૂ 14,60,000 નો મુદ્દામાલ પો સ ઈ શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ પંચો રૂબરુ કબજે કરેલ જેમાં મહેન્દ્ર જીવણ કોલી તથા સુરેશ તથા ભરત નામના માણસો રાખી તેઓ કટીંગ કરતા હોવાનું જણાવેલ અને આ માલ ગોવિંદ કરસન કોલી રહે ખાનપર વાળો સાથે હોવાનું બાતમીના આધારે જણાવેલ. જે પકડાયેલ માલ બાબતે શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ પો.કો. દલપતસિંહનાઓને બે પ્રાઈવેટ વાહનો મંગાવવાનું જણાવતા તેઓ બે pickup ડાલા લઈ આવેલ અને રાત્રી નો સમય હોય અને ગણતરી થઈ શકે તેમ ન હોય તેથી સદર તમામ માલ ભરીને આડેસર પોલીસ સ્ટેશન લાવી પંચોની હાજરીમાં ગણતરી કરી તમામ મુદ્દામાલ પોસઇ શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ કબજે કરેલ અને કબજે કરેલ મજામાલમાંથી એક એક બોટલ સેમ્પલ અર્થે કબજે કરી એફએસએલ અર્થે મોકલવા તજવીજ કરવામાં આવેલ અને સદર બાબતે અમોએ પ્રોહિબિશન એક્ટની કલમ 65 એઇ, ૧૧૬બી ૮૧ હેઠળ ફરિયાદ આપેલ. આજરોજ મને અસલ ફરીયાદ બતાવવામા આવે છે જેમા ફરીયાદી તરીકે મારી સહી છે જે આજરોજ હુ ઓળખી બતાવુ છુ તથા રૂબરૂ તરીકે બી.જી.રાવલ સાહેબની સહી છે. જે હુ ઓળખી બતાવુ છુ. જે આ કામે ફરીયાદ રજુ દાખલ આંક-૧૬ આપવામાં આવે છે. આરોપીઓને હું ઓળખી શકુ છું જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, અમો રાત્રિના ૦૦.૦૦ વાગ્યે થી પેટ્રોલિંગમાં નીકળેલા પેટ્રોલિંગમાં પ્રાઈવેટ વાહનમાં નીકળેલા એ વાત ખરી છે કે પ્રાઈવેટ વાહન ના નંબર મેં મારી ફરિયાદમાં લખાવેલ નથી એ વાત ખરી છે કે બનાવ નો સમય રાત્રિનો સમય હતો એ વાત ખરી છે કે આ કામે પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે રેડ વાળી જગ્યા કોઈની માલિકીની ન હતી.એ વાત ખરી છે કે જે જગ્યાએથી મુદ્દા માલ મળેલ તે જગ્યાએ કોઈપણ વ્યક્તિ અવરજવર કરી શકે તેમ છે.એ વાત ખરી છે કે મુદ્દા માલ આરોપીના સ્વતંત્ર કબજા માંથી મળી આવેલ નથી.એ વાત ખરી છે કે મારી હાજરીમાં મળી આવેલ મુદ્દા માલ એ જ સમયે ગણવામાં આવેલ નથી ફરિયાદી સ્વેચ્છા જણાવે છે કે રાત્રિનો સમય હોય મુદ્દા માલ પોલીસ સ્ટેશને લઈ જઈ ગણતરી કરવામાં આવેલ.રેડવાળી જગ્યાએથી સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી 7:00 વાગ્યાની આજુબાજુ નીકળેલા. પોલીસ સ્ટેશને કેટલા વાગે પહોંચેલા એ ચોક્કસ સમયે હાલે મને યાદ નથી. ખરી છે કે રેડ વાળી જગ્યાથી પોલીસ સ્ટેશન સુધી મુદ્દામાલ વાળી

પીકપ ગાડીને કોણ ચલાવીને લાવેલ તે માણસનું નામ ફરિયાદમાં લખાવેલ નથી. પંચોને બોલાવવા હું ગયેલ. એ વાત ખરી છે કે આ પીકઅપ વાહન કોની માલિકીનું હતું તે બાબતે કે તે માલિકનું નામ કે વાહનનો નંબર ફરિયાદમાં લખાવેલ નથી.રેડ વાળી જગ્યાએથી પોલીસ સ્ટેશન જવા માટે કુલ ચાર વાહનો હતા.ખરી નથી કે મુદ્દા માલ પીકઅપ વાહનમાં ચઢાવવા માટે મજૂરો હતા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસે ચડાવેલા. એ વાત ખરી છે કે અમારે પેટ્રોલ બૂક નિભાવવાની હોય છે. એ વાત ખરી છે કે ખાનપુર સીમ વાડી વિસ્તાર હોય માણસોની અવરજવર થતી હોય છે ફરિયાદી સ્વેચ્છાએ જણાવે છે કે રાત્રિનો સમય હોવાથી અવરજવર ન હતી.

**(૭.૪)** ફરીયાદપક્ષે આંક–૧૭ થી પોલીસ સાહેદ ભગવાનભાઇ નાગજીભાઇ ચૌધરીનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, હું સને 2022 માં આડેસર પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો તે દરમિયાન ગઈ તારીખ 13 6 2022 ના રોજ હું તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ પરમાર તથા પોલીસ કોન્સ્ટેબલ યોગરાજસિંહ તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ કાંન્તીસિંહ નાઓ ચિત્રોડ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન શ્રી બીજી રાવલ સાહેબનાઓનો ફોન આવેલ અને કહેલ કે તમે ખાનપર ત્રણ રસ્તે પાસે આવો જેથી અમો પેટ્રોલિંગમાં રહેલ તમામ ખાનપર ત્રણ રસ્તે આવેલ ત્યાં પો.સ.ઇ શ્રી બીજી રાવલ સાહેબ તથા હુ તથા વિષ્ણુદાન ગઢવી હાજર હતા અને કહેલ કે એક હકીકત મળેલ છે કે ખાનપર ગામના ગોવિંદ કરશન તથા મહેન્દ્ર જીવણ કોલી તેના સાગરીતો રાખીને વિદેશી દારૂનું ભારતીય બનાવટના વિદેશી દારૂનું વેચાણ કરી માલ સગેવગે કરવાની તૈયારીમાં છે જેથી તેવી જાણ અમોને કરતા તેમ જ બે પંચોના માણસોને બોલાવવાનું કહેતા અરવિંદસિંહ સુરૂભા ઝાલાનાઓ બે પંચોના માણસો બોલાવી સ્ટાફના માણસો સાથે રાખી હકીકત વાળી ખાનપર ગામની સીમમાં આવેલ વોકરામાં તપાસ કરતા ત્યાંથી ભારતીય બનાવટનો ઇંગ્લિશ દારૂનો અલગ અલગ બ્રાન્ડનો ક્વાટરિયા તથા બિયર ના ટીન જેમાં 480 આશરે તથા અલગ અલગ બ્રાન્ડના ક્વાટરિયા મળી કુલ કી.રૂ 14,60,000 નો મુદ્દામાલ પો સ ઈ શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ પંચો રૂબરુ કબજે કરેલ જેમાં મહેન્દ્ર જીવણ કોલી તથા સુરેશ તથા ભરત નામના માણસો રાખી તેઓ કટીંગ કરતા હોવાનું જણાવેલ અને આ માલ ગોવિંદ કરસન કોલી રહે ખાનપર વાળો સાથે હોવાનું બાતમીના આધારે જણાવેલ. જે પકડાયેલ માલ બાબતે શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ પો.કો. દલપતસિંહનાઓને બે પ્રાઈવેટ વાહનો મંગાવવાનું જણાવતા તેઓ બે pickup ડાલા લઈ આવેલ અને રાત્રી નો સમય હોય અને ગણતરી થઈ શકે તેમ ન હોય તેથી સદર તમામ માલ ભરીને આડેસર પોલીસ સ્ટેશન લાવી પંચોની હાજરીમાં ગણતરી કરી તમામ મુદ્દામાલ પોસઈ શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ કબજે કરેલ અને કબજે કરેલ મજામાલમાંથી એક એક બોટલ સેમ્પલ અર્થે કબજે કરી એફએસએલ અર્થે મોકલવા તજવીજ કરવામાં આવેલ અને સદર બાબતે પ્રોહિબિશન એક્ટની કલમ 65 એઇ, ૧૧૬બી ૮૧ હેઠળ ફરિયાદ અમારી સાથેના અરવિંદસ્હિનાઓએ આપેલ. જે અનુસંધાને ત.ક.અ અમારુ નિવેદન લીધેલ. આરોપીઓને હું ઓળખી શકુ તેમ નહી.

બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવેલ છે કે, અમો રાત્રિના ૨૩.૦૦ વાગ્યે થી પેટ્રોલિંગમાં નીકળેલા પેટ્રોલિંગમાં સરકારી વાહનમાં નીકળેલા. એ વાત ખરી છે કે સરકારી વાહન ના નંબર મેં મારા નીવેદનમા લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવ નો સમય રાત્રિનો સમય હતો. એ વાત ખરી છે કે આ કામે પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ. એ વાત ખરી છે કે રેડ વાળી જગ્યા કોઈની માલિકીની ન હતી. એ વાત ખરી છે કે જે જગ્યાએથી મુદ્દા માલ મળેલ તે જગ્યાએ કોઈપણ વ્યક્તિ અવરજવર કરી શકે તેમ છે. એ વાત ખરી છે કે મુદ્દા માલ આરોપીના સ્વતંત્ર કબજા માંથી મળી આવેલ નથી. એ વાત ખરી છે કે મારી હાજરીમાં મળી આવેલ મુદ્દા માલ એ જ સમયે ગણવામાં આવેલ નથી. રેડવાળી જગ્યાએથી સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી આશરે ૬ વાગે નીકળેલા. આશરે સાતેક વાગે પોલીસ સ્ટેશને પહોંચેલા.એ વાત ખરી છે કે રેડ વાળી જગ્યાથી પોલીસ સ્ટેશન સુધી મુદ્દામાલ વાળી પીકપ ગાડીને કોણ ચલાવીને લાવેલ તે માણસનું નામ નિવેદનમા લખાવેલ નથી. એ વાત ખરી છે કે આ પીકઅપ વાહન કોની માલિકીનું હતું તે બાબતે કે તે માલિકનું નામ કે વાહનનો નંબર નિવેદનમા લખાવેલ નથી. ખરી નથી કે મુદ્દા માલ પીકઅપ વાહનમાં ચઢાવવા માટે મજૂરો હતા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસે ચડાવેલા. એ વાત ખરી છે કે અમારે પેટ્રોલ બૂક નિભાવવાની હોય છે. એ વાત ખરી છે કે પેટ્રોલબુકનો ઉતારો તપાસ કરનારને આપેલ નથી. એ વાત ખરી છે કે ખાનપુર સીમ વાડી વિસ્તાર હોય માણસોની અવરજવર થતી હોય છે.

(૭.૫) ફરીયાદપક્ષે આંક–૨૧ થી પોલીસ સાહેદ રાજેશભાઇ વિરમભાઇ પરમારનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, હું સને 2022 માં આડેસર પોલીસ સ્ટેશનમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો તે દરમિયાન ગઈ તારીખ 13 6 2022 ના રોજ હું તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ અરવિંદસિંહ તથા પોલીસ કોન્સ્ટેબલ યોગરાજસિંહ તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ કાંન્તીસિંહ નાઓ ચિત્રોડ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન શ્રી બીજી રાવલ સાહેબનાઓનો ફોન આવેલ અને કહેલ કે તમે ખાનપર ત્રણ રસ્તે પાસે આવો જેથી અમો પેટ્રોલિંગમાં રહેલ તમામ ખાનપર ત્રણ રસ્તે આવેલ ત્યાં પો.સ.ઇ શ્રી બીજી રાવલ સાહેબ તથા ગઢવી તથા ડ્રાઈવર ભગવાનભાઈ નાઓ આવેલ અને કહેલ કે એક હકીકત મળેલ છે કે ખાનપર ગામના ગોવિંદ કરશન તથા મહેન્દ્ર જીવણ કોલી તેના સાગરીતો રાખીને વિદેશી દારૂનું ભારતીય બનાવટના વિદેશી દારૂનું વેચાણ કરી માલ સગેવગે કરવાની તૈયારીમાં છે જેથી તેવી જાણ અમોને કરતા તેમ જ બે પંચોના માણસોને બોલાવવાનું કહેતા અરવિંદસિહે બે પંચોના માણસો બોલાવી જેમાં દિનેશ લક્ષ્મણ કોલી તથા રાણાભાઇ કોલી પૂરું નામ હાલે યાદ નથી જેવો બંને સાથે સ્ટાફના માણસો હકીકત વાળી ખાનપર ગામની સીમમાં આવેલ વોકરામાં તપાસ કરતા ત્યાંથી ભારતીય બનાવટનો ઇંગ્લિશ દારૂનો અલગ અલગ બ્રાન્ડનો ક્વાટરિયા તથા બિયર ના ટીન જેમાં 480 આશરે તથા અલગ અલગ બ્રાન્ડના ક્વાટરિયા મળી કુલ કી.રૂ 14,60,000 નો મુદ્દામાલ પો સ ઇ શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ પંચો રૂબરુ કબજે કરેલ જેમાં મહેન્દ્ર જીવણ કોલી તથા સુરેશ તથા ભરત નામના માણસો રાખી

તેઓ કટીંગ કરતા હોવાનું જણાવેલ અને આ માલ ગોવિંદ કરસન કોલી રહે ખાનપર વાળો સાથે હોવાનું બાતમીના આધારે જણાવેલ. જે પકડાયેલ માલ બાબતે શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ પો.કો. દલપતસિંહનાઓને બે પ્રાઈવેટ વાહનો મંગાવવાનું જણાવતા તેઓ બે pickup ડાલા લઈ આવેલ અને રાત્રી નો સમય હોય અને ગણતરી થઈ શકે તેમ ન હોય તેથી સદર તમામ માલ ભરીને આડેસર પોલીસ સ્ટેશન લાવી પંચોની હાજરીમાં ગણતરી કરી તમામ મુદ્દામાલ પોસઇ શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ કબજે કરેલ અને કબજે કરેલ મજામાલમાંથી એક એક બોટલ સેમ્પલ અર્થે કબજે કરી એફએસએલ અર્થે મોકલવા તજવીજ કરવામાં આવેલ અને સદર બાબતે મારી સાથેના અરવિંદસિંહ નાઓએ પ્રોહિબિશન એક્ટની કલમ 65 એઇ, ૧૧૬બી ૮૧ હેઠળ ફરિયાદ આપેલ જે અનુસંધાને ત.ક.અમલદારે મારુ નિવેદન લીધેલ. આરોપીને હું ઓળખી શકુ છું જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, અમો રાત્રિના ૦૦.૦૦ વાગ્યે થી પેટ્રોલિંગમાં નીકળેલા પેટ્રોલિંગમાં પ્રાઈવેટ વાહનમાં નીકળેલા એ વાત ખરી છે કે પ્રાઈવેટ વાહન ના નંબર મેં મારા નિવેદનમાં લખાવેલ નથી એ વાત ખરી છે કે બનાવ નો સમય રાત્રિનો સમય હતો એ વાત ખરી છે કે આ કામે પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે રેડ વાળી જગ્યા કોઈની માલિકીની ન હતી. એ વાત ખરી છે કે જે જગ્યાએથી મુદ્દા માલ મળેલ તે જગ્યાએ કોઈપણ વ્યક્તિ અવરજવર કરી શકે તેમ છે. એ વાત ખરી છે કે મુદ્દા માલ આરોપીના સ્વતંત્ર કબજા માંથી મળી આવેલ નથી. એ વાત ખરી છે કે મારી હાજરીમાં મળી આવેલ મુદ્દા માલ એ જ સમયે ગણવામાં આવેલ નથી સાહેદ સ્વેચ્છા જણાવે છે કે રાત્રિનો સમય હોય મુદ્દા માલ પોલીસ સ્ટેશને લઈ જઈ ગણતરી કરવામાં આવેલ. રેડવાળી જગ્યાએથી સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી 7:00 વાગ્યાની આજુબાજુ નીકળેલા. પોલીસ સ્ટેશને કેટલા વાગે પહોંચેલા એ ચોક્કસ સમયે હાલે મને યાદ નથી. એ વાત ખરી છે કે રેડ વાળી જગ્યાથી પોલીસ સ્ટેશન સુધી મુદ્દામાલ વાળી પીકપ ગાડીને કોણ ચલાવીને લાવેલ તે માણસનું નામ ફરિયાદમાં લખાવેલ નથી. પંચોને બોલાવવા ફરીયાદી અરવિંદસિહ ગયેલા. એ વાત ખરી છે કે આ પીકઅપ વાહન કોની માલિકીનું હતું તે બાબતે કે તે માલિકનું નામ કે વાહનનો નંબર ફરિયાદમાં લખાવેલ નથી. રેડ વાળી જગ્યાએથી પોલીસ સ્ટેશન જવા માટે કુલ ચાર વાહનો હતા. એ વાત ખરી નથી કે મુદ્દા માલ પીકઅપ વાહનમાં ચઢાવવા માટે મજૂરો હતા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસે ચડાવેલા. એ વાત ખરી છે કે અમારે પેટ્રોલ બૂક નિભાવવાની હોય છે. એ વાત ખરી છે કે ખાનપુર સીમ વાડી વિસ્તાર હોય માણસોની અવરજવર થતી હોય છે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રાત્રિનો સમય હોવાથી અવરજવર ન હતી.

(૭.૬) ફરીયાદપક્ષે આંક–૨૪ થી પોલીસ સાહેદ યોગેન્દ્રસિંહ ચંદનસિંહ રાજપુત નાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, હું સને ૨૦૨૨ માં આડેસર પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો તે દરમિયાન ગઈ તારીખ ૧૩.૦૬.૨૦૨૨ ના રોજ હું તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ અરવિંદસિંહ તથા રાજેશભાઇ વિરમભાઇ પરમાર તથા દલપસિંહ

પોલીસ હેડ કોન્સ્ટેબલ કાંન્તીસિંહ નાઓ ચિત્રોડ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન શ્રી બીજી રાવલ સાહેબનાઓનો ફોન આવેલ અને કહેલ કે તમે ખાનપર ત્રણ રસ્તે પાસે આવો જેથી અમો પેટ્રોલિંગમાં રહેલ તમામ ખાનપર ત્રણ રસ્તે આવેલ ત્યાં પો.સ.ઇ શ્રી બીજી રાવલ સાહેબ તથા ગઢવી તથા ડ્રાઈવર ભગવાનભાઈ નાઓ આવેલ અને કહેલ કે એક હકીકત મળેલ છે કે ખાનપર ગામના ગોવિંદ કરશન તથા મહેન્દ્ર જીવણ કોલી તેના સાગરીતો રાખીને વિદેશી દારૂનું ભારતીય બનાવટના વિદેશી દારૂનું વેચાણ કરી માલ સગેવગે કરવાની તૈયારીમાં છે જેથી તેવી જાણ અમોને કરતા તેમ જ બે પંચોના માણસોને બોલાવવાનું કહેતા અરવિંદસિહે બે પંચોના માણસો બોલાવી જેમાં દિનેશ લક્ષ્મણ કોલી તથા હીરાભાઇ રાણાભાઇ કોલી હતા જેઓ બંને સાથે સ્ટાફના માણસો હકીકત વાળી ખાનપર ગામની સીમમાં આવેલ વોકરામાં તપાસ કરતા ત્યાંથી ભારતીય બનાવટનો ઇંગ્લિશ દારૂનો અલગ અલગ બ્રાન્ડનો ક્વાટરિયા તથા બિયર ના ટીન જેમાં 480 આશરે તથા અલગ અલગ બ્રાન્ડના ક્વાટરિયા મળી કુલ કી.રૂ 14,60,000 નો મુદ્દામાલ પો સ ઇ શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ પંચો રૂબરુ કબજે કરેલ જેમાં મહેન્દ્ર જીવણ કોલી તથા સુરેશ તથા ભરત નામના માણસો રાખી તેઓ કટીંગ કરતા હોવાનું જણાવેલ અને આ માલ ગોવિંદ કરસન કોલી રહે ખાનપર વાળો સાથે હોવાનું બાતમીના આધારે જણાવેલ. જે પકડાયેલ માલ બાબતે શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ અમોને બે પ્રાઈવેટ વાહનો મંગાવવાનું જણાવતા તેઓ બે pickup ડાલા લઈ આવેલ અને રાત્રી નો સમય હોય અને ગણતરી થઈ શકે તેમ ન હોય તેથી સદર તમામ માલ ભરીને આડેસર પોલીસ સ્ટેશન લાવી પંચોની હાજરીમાં ગણતરી કરી તમામ મુદ્દામાલ પોસઇ શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ કબજે કરેલ અને કબજે કરેલ મુદામાલમાંથી એક એક બોટલ સેમ્પલ અર્થે કબજે કરી એફએસએલ અર્થે મોકલવા તજવીજ કરવામાં આવેલ અને સદર બાબતે મારી સાથેના અરવિંદસિંહ નાઓએ પ્રોહિબિશન એક્ટની કલમ 65 એઇ, ૧૧૬બી ૮૧ હેઠળ ફરિયાદ આપેલ જે અનુસંધાને ત.ક.અમલદારે મારુ નિવેદન લીધેલ. આરોપીને હું ઓળખી શકુ છું જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, અમો રાત્રિના ૦૦.૦૦ વાગ્યે થી પેટ્રોલિંગમાં નીકળેલા પેટ્રોલિંગમાં પ્રાઈવેટ વાહનમાં નીકળેલા એ વાત ખરી છે કે પ્રાઈવેટ વાહન ના નંબર મેં મારા નિવેદનમાં લખાવેલ નથી એ વાત ખરી છે કે બનાવ નો સમય રાત્રિનો સમય હતો એ વાત ખરી છે કે આ કામે પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે રેડ વાળી જગ્યા કોઈની માલિકીની ન હતી. એ વાત ખરી છે કે જે જગ્યાએથી મુદ્દા માલ મળેલ તે જગ્યાએ કોઈપણ વ્યક્તિ અવરજવર કરી શકે તેમ છે. એ વાત ખરી છે કે મુદ્દા માલ આરોપીના સ્વતંત્ર કબજા માંથી મળી આવેલ નથી. એ વાત ખરી છે કે મારી હાજરીમાં મળી આવેલ મુદ્દા માલ એ જ સમયે ગણવામાં આવેલ નથી સાહેદ સ્વેચ્છા જણાવે છે કે રાત્રિનો સમય હોય મુદ્દા માલ પોલીસ સ્ટેશને લઈ જઈ ગણતરી કરવામાં આવેલ. રેડવાળી જગ્યાએથી સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી 7:00 વાગ્યાની આજુબાજુ નીકળેલા. પોલીસ સ્ટેશને કેટલા વાગે પહોંચેલા એ ચોક્કસ સમયે હાલે મને યાદ નથી. એ વાત ખરી છે કે રેડ વાળી જગ્યાથી પોલીસ સ્ટેશન સુધી મુદ્દામાલ

વાળી પીકપ ગાડીને કોણ ચલાવીને લાવેલ તે માણસનું નામ નીવેદનમાં લખાવેલ નથી. પંચોને બોલાવવા ફરીયાદી અરવિંદસિહ ગયેલા. એ વાત ખરી છે કે આ પીકઅપ વાહન કોની માલિકીનું હતું તે બાબતે કે તે માલિકનું નામ કે વાહનનો નંબર નિવેદનમાં લખાવેલ નથી. રેડ વાળી જગ્યાએથી પોલીસ સ્ટેશન જવા માટે કુલ ચાર વાહનો હતા. એ વાત ખરી નથી કે મુદ્દા માલ પીકઅપ વાહનમાં ચઢાવવા માટે મજૂરો હતા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસે ચડાવેલા. એ વાત ખરી છે કે અમારે પેટ્રોલ બૂક નિભાવવાની હોય છે. એ વાત ખરી છે કે ખાનપુર સીમ વાડી વિસ્તાર હોય માણસોની અવરજવર થતી હોય છે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રાત્રિનો સમય હોવાથી અવરજવર ન હતી.

(૭.૭) ફરીયાદપક્ષે આંક–૨૫ થી પોલીસ સાહેદ દલપતસિંહ પીરાજી સોલંકીનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, હું સને ૨૦૨૨ માં આડેસર પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો તે દરમિયાન ગઈ તારીખ ૧૩.૦૬.૨૦૨૨ ના રોજ હું તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ અરવિંદસિંહ તથા પોલીસ કોન્સ્ટેબલ યોગરાજસિંહ તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ કાંન્તીસિંહ નાઓ ચિત્રોડ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન શ્રી બીજી રાવલ સાહેબનાઓનો ફોન આવેલ અને કહેલ કે તમે ખાનપર ત્રણ રસ્તે પાસે આવો જેથી અમો પેટ્રોલિંગમાં રહેલ તમામ ખાનપર ત્રણ રસ્તે આવેલ ત્યાં પો.સ.ઈ શ્રી બીજી રાવલ સાહેબ તથા ગઢવી તથા ડ્રાઈવર ભગવાનભાઈ નાઓ આવેલ અને કહેલ કે એક હકીકત મળેલ છે કે ખાનપર ગામના ગોવિંદ કરશન તથા મહેન્દ્ર જીવણ કોલી તેના સાગરીતો રાખીને વિદેશી દારૂનું ભારતીય બનાવટના વિદેશી દારૂનું વેચાણ કરી માલ સગેવગે કરવાની તૈયારીમાં છે જેથી તેવી જાણ અમોને કરતા તેમ જ બે પંચોના માણસોને બોલાવવાનું કહેતા અરવિંદસિહે બે પંચોના માણસો બોલાવી જેમાં દિનેશ લક્ષ્મણ કોલી તથા હીરાભાઇ રાણાભાઇ કોલી હતા જેઓ બંને સાથે સ્ટાફના માણસો હકીકત વાળી ખાનપર ગામની સીમમાં આવેલ વોકરામાં તપાસ કરતા ત્યાંથી ભારતીય બનાવટનો ઇંગ્લિશ દારૂનો અલગ અલગ બ્રાન્ડનો ક્વાટરિયા તથા બિયર ના ટીન જેમાં 480 આશરે તથા અલગ અલગ બ્રાન્ડના ક્વાટરિયા મળી કુલ કી.રૂ 14,60,000 નો મુદ્દામાલ પો સ ઇ શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ પંચો રૂબરુ કબજે કરેલ જેમાં મહેન્દ્ર જીવણ કોલી તથા સુરેશ તથા ભરત નામના માણસો રાખી તેઓ કટીંગ કરતા હોવાનું જણાવેલ અને આ માલ ગોવિંદ કરસન કોલી રહે ખાનપર વાળો સાથે હોવાનું બાતમીના આધારે જણાવેલ. જે પકડાયેલ માલ બાબતે શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ અમોને બે પ્રાઈવેટ વાહનો મંગાવવાનું જણાવતા તેઓ બે pickup ડાલા લઈ આવેલ અને રાત્રી નો સમય હોય અને ગણતરી થઈ શકે તેમ ન હોય તેથી સદર તમામ માલ ભરીને આડેસર પોલીસ સ્ટેશન લાવી પંચોની હાજરીમાં ગણતરી કરી તમામ મુદ્દામાલ પોસઇ શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ કબજે કરેલ અને કબજે કરેલ મુદામાલમાંથી એક એક બોટલ સેમ્પલ અર્થે કબજે કરી એફએસએલ અર્થે મોકલવા તજવીજ કરવામાં આવેલ અને સદર બાબતે મારી સાથેના અરવિંદસિંહ નાઓએ પ્રોહિબિશન એક્ટની કલમ 65એઇ, ૧૧૬બી ૮૧ હેઠળ ફરિયાદ આપેલ જે અનુસંધાને ત.ક.અમલદારે મારુ નિવેદન લીધેલ. આરોપીને હું ઓળખી શકુ છું જે આજરોજ નામદાર કોર્ટમાં

હાજર નથી.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, અમો રાત્રિના ૦૦.૦૦ વાગ્યે થી પેટ્રોલિંગમાં નીકળેલા પેટ્રોલિંગમાં પ્રાઈવેટ વાહનમાં નીકળેલા એ વાત ખરી છે કે પ્રાઈવેટ વાહન ના નંબર મેં મારા નિવેદનમાં લખાવેલ નથી એ વાત ખરી છે કે બનાવ નો સમય રાત્રિનો સમય હતો એ વાત ખરી છે કે આ કામે પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે રેડ વાળી જગ્યા કોઈની માલિકીની ન હતી. એ વાત ખરી છે કે જે જગ્યાએથી મુદ્દા માલ મળેલ તે જગ્યાએ કોઈપણ વ્યક્તિ અવરજવર કરી શકે તેમ છે. એ વાત ખરી છે કે મુદ્દા માલ આરોપીના સ્વતંત્ર કબજા માંથી મળી આવેલ નથી. એ વાત ખરી છે કે મારી હાજરીમાં મળી આવેલ મુદ્દા માલ એ જ સમયે ગણવામાં આવેલ નથી સાહેદ સ્વેચ્છા જણાવે છે કે રાત્રિનો સમય હોય મુદ્દા માલ પોલીસ સ્ટેશને લઈ જઈ ગણતરી કરવામાં આવેલ. રેડવાળી જગ્યાએથી સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી 7:00 વાગ્યાની આજુબાજુ નીકળેલા. પોલીસ સ્ટેશને કેટલા વાગે પહોંચેલા એ ચોક્કસ સમયે હાલે મને યાદ નથી. એ વાત ખરી છે કે રેડ વાળી જગ્યાથી પોલીસ સ્ટેશન સુધી મુદ્દામાલ વાળી પીકપ ગાડીને કોણ ચલાવીને લાવેલ તે માણસનું નામ નીવેદનમાં લખાવેલ નથી. પંચોને બોલાવવા ફરીયાદી અરવિંદસિહ ગયેલા. એ વાત ખરી છે કે આ પીકઅપ વાહન કોની માલિકીનું હતું તે બાબતે કે તે માલિકનું નામ કે વાહનનો નંબર નિવેદનમાં લખાવેલ નથી. રેડ વાળી જગ્યાએથી પોલીસ સ્ટેશન જવા માટે કુલ ચાર વાહનો હતા. એ વાત ખરી નથી કે મુદ્દા માલ પીકઅપ વાહનમાં ચઢાવવા માટે મજૂરો હતા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસે ચડાવેલા. એ વાત ખરી છે કે અમારે પેટ્રોલ બૂક નિભાવવાની હોય છે. એ વાત ખરી છે કે ખાનપુર સીમ વાડી વિસ્તાર હોય માણસોની અવરજવર થતી હોય છે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રાત્રિનો સમય હોવાથી અવરજવર ન હતી.

(૭.૮) ફરીયાદપક્ષે આંક–૨૮ થી પોલીસ સાહેદ કાંતિસિંહ ઓખાજી રાજપુતનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, હું સને ૨૦૨૨ માં આડેસર પોલીસ સ્ટેશનમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો તે દરમિયાન ગઈ તારીખ ૧૩.૦૬.૨૦૨૨ ના રોજ હું તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ અરવિંદસિંહ તથા પોલીસ કોન્સ્ટેબલ યોગરાજસિંહ તથા પોલીસ કોન્સ્ટેબલ દલપતસિંહ પીરાજી સોલંકી નાઓ ચિત્રોડ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન શ્રી બીજી રાવલ સાહેબનાઓનો ફોન આવેલ અને કહેલ કે તમે ખાનપર ત્રણ રસ્તે પાસે આવો જેથી અમો પેટ્રોલિંગમાં રહેલ તમામ ખાનપર ત્રણ રસ્તે આવેલ ત્યાં પો.સ.ઈ શ્રી બીજી રાવલ સાહેબ તથા ગઢવી તથા ડ્રાઈવર ભગવાનભાઈ નાઓ આવેલ અને કહેલ કે એક હકીકત મળેલ છે કે ખાનપર ગામના ગોવિંદ કરશન તથા મહેન્દ્ર જીવણ કોલી તેના સાગરીતો રાખીને વિદેશી દારૂનું ભારતીય બનાવટના વિદેશી દારૂનું વેચાણ કરી માલ સગેવગે કરવાની તૈયારીમાં છે જેથી તેવી જાણ અમોને કરતા તેમ જ બે પંચોના માણસોને બોલાવવાનું કહેતા અરવિંદસિહે બે પંચોના માણસો બોલાવી જેમાં દિનેશ લક્ષ્મણ કોલી તથા હીરાભાઈ રાણાભાઈ કોલી હતા જેઓ બંને સાથે સ્ટાફના માણસો હકીકત વાળી ખાનપર ગામની સીમમાં આવેલ

વોકરામાં તપાસ કરતા ત્યાંથી ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂનો અલગ અલગ બ્રાન્ડનો ક્વાટરિયા તથા બિયર ના ટીન જેમાં ૪૮૦ આશરે તથા અલગ અલગ બ્રાન્ડના ક્વાટરિયા મળી કુલ કી.રૂ ૧૪,૬૪,૦૦૦/– નો મુદ્દામાલ પો સ ઇ શ્રી બી જી રાવલ સાહેબ નાઓએ પંચો રૂબરુ કબજે કરેલ જેમાં મહેન્દ્ર જીવણ કોલી તથા સુરેશ તથા ભરત નામના માણસો રાખી તેઓ કટીંગ કરતા હોવાનું જણાવેલ અને આ માલ ગોવિંદ કરસન કોલી રહે ખાનપર વાળો સાથે હોવાનું બાતમીના આધારે જણાવેલ. જે પકડાયેલ માલ બાબતે શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ અમોને બે પ્રાઈવેટ વાહનો મંગાવવાનું જણાવતા તેઓ બે pickup ડાલા લઈ આવેલ અને રાત્રી નો સમય હોય અને ગણતરી થઈ શકે તેમ ન હોય તેથી સદર તમામ માલ ભરીને આડેસર પોલીસ સ્ટેશન લાવી પંચોની હાજરીમાં ગણતરી કરી તમામ મુદ્દામાલ પોસઇ શ્રી બીજી રાવલ સાહેબ નાઓએ કબજે કરેલ અને કબજે કરેલ મુદામાલમાંથી એક એક બોટલ સેમ્પલ અર્થે કબજે કરી એફએસએલ અર્થે મોકલવા તજવીજ કરવામાં આવેલ અને સદર બાબતે મારી સાથેના અરવિંદસિંહ નાઓએ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫એઇ, ૧૧૬બી, ૮૧ હેઠળ ફરિયાદ આપેલ જે અનુસંધાને ત.ક.અમલદારે મારુ નિવેદન લીધેલ. આરોપીને હું ઓળખી શકુ છું જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, અમો રાત્રિના ૦૦.૦૦ વાગ્યે થી પેટ્રોલિંગમાં નીકળેલા પેટ્રોલિંગમાં પ્રાઈવેટ વાહનમાં નીકળેલા એ વાત ખરી છે કે પ્રાઈવેટ વાહન ના નંબર મેં મારા નિવેદનમાં લખાવેલ નથી એ વાત ખરી છે કે બનાવ નો સમય રાત્રિનો સમય હતો એ વાત ખરી છે કે આ કામે પ્રાથમિક પંચનામુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે રેડ વાળી જગ્યા કોઈની માલિકીની ન હતી. એ વાત ખરી છે કે જે જગ્યાએથી મુદ્દા માલ મળેલ તે જગ્યાએ કોઈપણ વ્યક્તિ અવરજવર કરી શકે તેમ છે. એ વાત ખરી છે કે મુદ્દા માલ આરોપીના સ્વતંત્ર કબજા માંથી મળી આવેલ નથી. એ વાત ખરી છે કે મારી હાજરીમાં મળી આવેલ મુદ્દા માલ એ જ સમયે ગણવામાં આવેલ નથી સાહેદ સ્વેચ્છા જણાવે છે કે રાત્રિનો સમય હોય મુદ્દા માલ પોલીસ સ્ટેશને લઈ જઈ ગણતરી કરવામાં આવેલ. રેડવાળી જગ્યાએથી સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી 7:00 વાગ્યાની આજુબાજુ નીકળેલા. પોલીસ સ્ટેશને કેટલા વાગે પહોંચેલા એ ચોક્કસ સમયે હાલે મને યાદ નથી. એ વાત ખરી છે કે રેડ વાળી જગ્યાથી પોલીસ સ્ટેશન સુધી મુદ્દામાલ વાળી પીકપ ગાડીને કોણ ચલાવીને લાવેલ તે માણસનું નામ નીવેદનમાં લખાવેલ નથી. પંચોને બોલાવવા ફરીયાદી અરવિંદસિહ ગયેલા. એ વાત ખરી છે કે આ પીકઅપ વાહન કોની માલિકીનું હતું તે બાબતે કે તે માલિકનું નામ કે વાહનનો નંબર નિવેદનમાં લખાવેલ નથી. રેડ વાળી જગ્યાએથી પોલીસ સ્ટેશન જવા માટે કુલ ચાર વાહનો હતા. એ વાત ખરી નથી કે મુદ્દા માલ પીકઅપ વાહનમાં ચઢાવવા માટે મજૂરો હતા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસે ચડાવેલા. એ વાત ખરી છે કે અમારે પેટ્રોલ બૂક નિભાવવાની હોય છે. એ વાત ખરી છે કે ખાનપુર સીમ વાડી વિસ્તાર હોય માણસોની અવરજવર થતી હોય છે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રાત્રિનો સમય હોવાથી અવરજવર ન હતી.

(૭.૯) ફરીયાદપક્ષે આંક–૩૫ થી પોલીસ સાહેદ મનોહરસિંહ મહાવીરસિંહ જાડેજાનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, હુ સને ૨૦૨૨માં પોલીસ ઇન્સપેકટર એલ.સી.બી તરીકે મારી બદલી થતા આડેસર પોલીસ સ્ટેશન ગુ.ર. નં ૧૪૨/૨૦૨૨ જે પ્રોહીની કલમ ૬૫એઇ, ૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાની તપાસ અમોને મળતા અમોએ સદરહુ ગુનાના કેસ કાગળો સંભાળી લીધેલ અને આ ગુનામા ફરીયાદી અરવિંદ સુરૂભા ઝાલાનાઓએ ફરીયાદ આપેલ અને સદરહુ ગુનાની તપાસમાં અમોએ આ કામના આરોપી ગળપાદર જેલમા હોય નામદાર કોર્ટનુ ટ્રાન્સફર વોરંટ મેળવી વોરંટ આધારે ગળપાદર જેલમાંથી કબ્જો મેળવી આરોપી ગોવિંદ કરશનભાઇ ભંગેરીયાનાઓની અટક કરેલ અને સમય મર્યાદામા નામદાર કોર્ટ સમક્ષ રીમાન્ડની કાર્યવાહી માટે રજુ કરવામા આવેલ અને રીમાન્ડનો સમય પુરો થતા આરોપી વિરુધ્ધ નામદાર કોર્ટ સમક્ષ રજુ કરવામા આવેલ આરોપી વિરુધ્ધ ચાર્ઝશીટ કરવાના પુરતા પુરાવા હોય નામદાર કોર્ટ સમક્ષ ચાર્ઝશીટ કરવામા આવેલ અને ચાર્ઝશીટમાં વોન્ટેડ આરોપી તરીકે મહેન્દ્ર જીવણ કોલી તથા સુરેશભાઇ પ્રેમજીભાઇ કાનાણી તથા ભરતભાઇ પ્રેમજીભાઇ કાનાણીનાઓને દર્શાવવામા આવેલ. ત્યારબાદ સદરહુ ગુનામા અગાઉના ચાર્ઝશીટમા દર્શાવેલ વોન્ટેડ આરોપીઓ તપાસ દરમ્યાન મળી આવતા આરોપી મહેન્દ્ર જીવણ કોલી તથા ભરતભાઇ પ્રેમજીભાઇ કાનાણી તથા સુરેશભાઇ પ્રેમજીભાઇ કાનાણીનાઓની ધોરણસર અટક કરી નામદાર કોર્ટ સમક્ષ રીમાન્ડ માટે તજવીજ કરવામા આવેલી અને રીમાન્ડની અરજી અંશત મંજૂર થયેલ અને રીમાન્ડનો સમય પુરો થતા તમામ આરોપીઓને નામદાર કોર્ટ સમક્ષ રજુ કરવામા આવેલ અને સદરહુ ગુનાની ધોરણસરની તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ ચાર્ઝશીટ કરવા પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમા ચાર્ઝશીટ કરવામા આવેલ આ તમામ આરોપીઓ નામદાર કોર્ટમા હોય તો જોયેથી હુ તેમને ઓળખી શકુ.જે આજરોજ કોર્ટમા હાજર નથી.

બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આરોપીઓના કબ્જામાંથી કોઇ મુદામાલ કબ્જે કરેલ નહી. એ વાત ખરી છે કે મુદામાલ દારૂની કંપનીના જવાબદાર કર્મચારીનુ નીવેદન લીધેલ નહી.

(૭.૧૦) ફરીયાદપક્ષે આંક–૩૭ થી પોલીસ સાહેદ વિષ્ણુદાન શંકરદાન ગઢવીનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, અમો સને ૨૦૨૨ની સાલમાં આડેસર પો. સ્ટે. માં પો. કો. તરીકે ફરજ બજાવતો હતો, ત્યારે તા. ૧૩/૬/૨૦૨૨ ના રોજ અમો તથા હે. કોન્સ. અરવિંદસિંહ ઝાલા તથા રાજેશ પરમાર તથા પો.કોન્સ યોગેન્દ્રસિંહ રાજપુત તથા દલપતસીંહ સોલંકી એ રીતેના ચિત્રોડ ઓ.પી વિસ્તારમાં પ્રોહિબિશનના કેસો કરવા પ્રાઇવેટ વાહનથી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.સ.ઈ. શ્રી રાવલ સાહેબએ અમારી સાથેના હે. કોન્સ અરવીંદસીંહ ઝાલાને ફોન કરી પોલીસ સ્ટાફ માણસો સાથે ચિત્રોડ ગામના પુલીયા પાસે આવેલ ખાનપર તરફ જતા ત્રણ રસ્તા પાસે બોલાવતા આવેલા અને પો.સ.ઈ. શ્રી રાવલ સાહેબ તેમજ તેઓની સાથે સરકારી વાહનના ડ્રા. પો. કોન્સ. ભગવાનભાઈ ચૌધરી તથા અમો સાથે હોય મળેલા અને

અમો બધા પોલીસ માણસોને સમજ કરેલ કે તેઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે, મેદા જીવણ કોલી રહે. રાપર તથા ગોવીંદ કરશન કોલી રહે. ખાનપર તા. રાપર વાળાએ ભારતીય બનાવટનો અંગ્રેજી દારૂ મંગાવી ખાનપર ગામની સીમમાં આવેલ વોકળામાં સંગ્રહ કરી રાખેલ છે. તેમજ સદરહુ વોકળામાં સંગ્રહ કરેલ ભારતીય બાનવટનો અંગ્રેજી દારૂ મેદા જીવણ કોલી તથા ગોવીંદ કરશન કોલી રહે. ખાનપર તા. રાપર વાળાના સાગરીત સુરેશ પ્રેમજી કોલી તથા ભરત પ્રેમજી કોલી બંન્ને રહે. ત્રંબૌ તા. રાપર વાળાઓ બહારથી ગાંડીઓ બોલાવી ભારતીય બાનવટનો અંગ્રેજી દારૂ ભરી આપી વેચાણ કરે છે, તેવી બાતમી હકીકતની જાણ કરેલ અને અરવીંદસીંહ ઝાલા નાઓને પંચોના માણસોને બોલાવવાનું કહેતા તેઓ પંચ (૧) હિરાભાઈ રાણાભાઈ કોલી ઉ. વ. ૩૫, ધંધો મજુરી, રહે. ચિત્રોડ, તા. રાપર જી. કચ્છ તથા (૨) દિનેશભાઈ લખમણભાઈ કોલી ઉ.વ. ૨૮, ધંધો મજુરી, રહે. ચિત્રોડ, તા. રાપર જી. કચ્છ વાળાઓને બોલાવી આવતા રાવલ સાહેબે બંને પંચોને બાતમી હકીકતની સમજ કરી પંચ તરીકે સાથે રાખી હકીકત વાળી જગ્યાએ જવા સ. વા. તથા પ્રાઈવેટ વાહનથી રવાના થયેલ અને ખાનપર ગામ પસાર કરી બાતમી હકિકત વાળી જગ્યાએ જઈ ઝડતી તપાસ કરતા ખુલ્લા વોકળામાંથી ભારતીય બનાવટના અંગ્રેજી દારૂની અલગ – અલગ બ્રાન્ડની પેટીઓ જોવામાં આવેલ. જેથી રાવલએ સાથેના પો.કોન્સ. દલપતસિંહ પીરાજી નાઓને એક ખાનગી વાહન લઈ આવવાનું જણાવતા તેઓ બે પીક અપ ગાડી સાથે રેઈડવાળી જગ્યાએ આવતા સદરહુ રેઈડવાળી જગ્યા સીમ વિસ્તાર હોય અને અંધારામાં ગણતરી કરવામાં અગવડ પડે તેમ હોય સદરહું ભારતીય બનાવટના અંગ્રેજી દારૂના જથ્થાને વોકળામાંથી બહાર કાઢી લઈ પીક અપ ગાડીમાં ભરી લઈ અમો તથા રાવલ સાહેબ તથા પંચો તેમજ પોલીસ સ્ટાફના કર્મચારીઓ તેમાં બેસી સ. વા. સાથે રાખી બંન્ને પીક અપ ગાડી આડેસર પો. સ્ટે. ખાતે લઈ આવેલ. બાદ સદરહું બંન્ને પીક અપ વાહનમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો આડેસર પોલીસ સ્ટેશન ખાતે નીચે ઉતારી ગણતરી કરતાં નીચે જણાવેલ મુજબ બ્રાન્ડ અને વર્ણન વાળો પ્રોહીબિશન મુદ્દામાલ મળી આવેલ. (૧) કોપ્ટર –૭ સ્ટ્રોંગ બીયર પ્રિમિયમના કંપની શીલ પેક ૫૦૦ મીલીના બિયરના ટીન નંગ–૪૮૦ જે એક બિયરની કિ.રૂ–૧૦૦/– લેખે કુલ કિ.રૂ– ૪૮૦૦૦/– (૨) બોમ્બે રોયલ વ્હીસ્કી નેશનલસ ઓરીજનલની કંપની શીલ પેક જે ૧૮૦ મીલીના ક્વાટરીયા નંગ– ૫૪૨૪ જે એક ક્વાટરીયાની કિ.રૂ– ૧૦૦/– લેખે કુલ – ૫,૪૨,૪૦૦/– (૩) રોયલ બલ્યુ માલ્ટ વ્હીસ્કી કંપની શીલ પેક ક્વાટરીયા જે ૧૮૦ મીલીના ક્વાટરીયા નંગ– ૧૨૯૬ જે એક ક્વાટરીયાની કિ.રૂ– ૧૦૦/– લેખે કુલ – ૧,૨૯,૬૦૦/– (૪) રોયલ બ્લેક એપ્પલ વોડકાના કંપની શીલ પેક ક્વાટરીયા નંગ–૭૪૪૦ જે એક ક્વાટરીયાની કિ.રૂ– ૧૦૦/– લેખે કુલ – ૭,૪૪,૦૦૦/– ઉપરોક્ત મળી આવેલ અલગ અલગ બ્રાન્ડની બોટલો માંથી એક–એક બોટલને એફ.એસ.એલ. સેમ્પલ તરીકે અલગ કાઢી સેમ્પલ તેમજ ઈંગ્લીશ દારૂની અલગ–અલગ બ્રાન્ડની બિંયર ટીન તથા ક્વાટરીયા ન ગ ૧૪૬૪૦ જેની કિ.રૂ.૧૪,૬૪,૦૦૦/– વાળો મુદામાલ પંચનામાની વિગતે રાવલ સાહેબે કબ્જે કરેલ જે અંગે રાવલ સાહેબએ પંચનામુ કલાક ૦૨/૩૦ થી કલાક ૦૬/૩૦ વાગ્યા સુધીનુ રાવલ સાહેબે બે પંચો રૂબરૂ લાઈટ તેમજ મોબાઈલ ટોર્ચના

અજવાળે કરેલ. આમ મેદા જીવણ કોલી રહે,રાપર તથા ગોવીંદ કરશન કોલી રહે. ખાનપર તા.રાપર વાળાએ ભારતીય બનાવટનો અંગ્રેજી દારૂ મંગાવી જુના ખાનપર ગામની સીમમાં આવેલ વોકળામાં સંગ્રહ કરેલ ભારતીય બાનવટનો અંગ્રેજી દારૂ તેના સાગરીત સુરેશ પ્રેમજી કોલી તથા ભરત પ્રેમજી કોલી બંન્ને રહે. ત્રંબૌ તા. રાપર વાળાઓ બહારથી ગાડીઓ બોલાવી ભારતીય બાનવટનો અંગ્રેજી દારૂ ભરી આપી વેચાણ કરી એક બીજાની મદદગારી કરી રેઈડ દરમ્યાને હાજર મળી ન આવી ગુન્હો કરેલ હોઇ તે તમામ વિરૂધ્ધ અમારી સાથેના પો.હે.કો. અરવીંદસીહ સુરૂભા ઝાલાએ શ્રી સરકાર તરફે ધોરણસર થવા આડેસર પોલીસ સ્ટેશન રાવલ સાહેબ રુબરૂમાં પ્રોહીબિશનની કલમ ૬૫એ, ૬૫ઇ, ૧૧૬(બી), ૮૧ મુજબ આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલ જે અનુસંધાને ત. ક. અમલદારે અમારૂ નિવેદન લીધેલ. આરોપીઓને હુ ઓળખુ છુ જે આજરોજ કોર્ટમા હાજર નથી.

બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવેલ છે કે, અમો પેટ્રોલીંગમા બપોરે અઢી વાગ્યા પછી નીકળેલા. પેટ્રોલીંગમા પ્રાઇવેટ વાહનમા નીકળેલા. બાતમી અમો સાથેના રાવલ સાહેબને મળેલ. બાતમી બપોરના ત્રણેક વાગ્યાની આજુબાજુ મળેલ. બાતમી અમારા સાહેબને મળેલ. એ વાત ખરી છે કે જે જગ્યાએથી બાતમી મળી તે જગ્યાથી રેડવાળી જગ્યા જોઇ શકાય તેમ ન હતી. પંચોને બોલાવવા સાહેબ ગયેલા. એ વાત ખરી છે કે આ કામે પ્રાથમિક પંચનામુ કરેલ નહી. એ વાત ખરી છે કે પંચનામુ કયારે શરૂ થયુ અને પુરુ કયારે થયુ તેનો સમય અમારા નીવેદનમા લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવનો સમય રાત્રીનો હતો. એ વાત ખરી છે કે મળી આવેલ પ્રોહીબીશન મુદામાલ ખુલ્લા વોકળામાંથી મળી આવેલ. એ વાત ખરી નથી કે વોકરો કોની માલીકીનો હતો તેની કોઇ ખરાઇ કરેલ ન હતી. એ વાત ખરી છે  કે બનાવવાળી જગ્યા સીમ વિસ્તાર હોવાથી કોઇ પણ વ્યકિત ત્યા સહેલાઇથી અવર જવર કરી શકે. એ વાત ખરી છે કે મુદામાલ આરોપીના સ્વતંત્ર કબ્જામાંથી મળી આવેલ નહી. એ વાત ખરી છે કે જે જગ્યાએ મુદામાલ મળી આવેલ તે જગ્યાએ મુદામાલ ગણવામા આવેલ નહી. સાહેદ જણાવે છે કે પોલીસ સ્ટેશને જઇને ગણતરી કરવામા આવેલ. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ કોઇ વીડીયો ગ્રાફી કે ફોટોગ્રાફી કરવામા આવેલ નહી. આ તમામ પ્રક્રીયા પુર્ણ કરી અમો પોલીસ સ્ટેશને રાત્રીના નવ સાડા નવ વાગ્યાની આસપાસ પહોચેલા. પ્રોહીબીશન મુદમાલ બનાવવાળી જગ્યાએથી પોલીસ સ્ટેશને લઇ જવા માટે એક જ વાહન હતુ. પ્રોહીબીશન મુદમાલ લઇ જવા માટે પ્રાઈવેટ વાહન હતુ. એ વાત ખરી છે કે આ પ્રાઈવેટ વાહન અંગેનો પુરાવો મે મારા નીવેદનમા લખાવેલ નથી. એ વાત ખરી છે કે પ્રોહીબીશન મુદામાલની ગણતરી રાત્રીનો સમય હોય ટોર્ચના અજવાળે કરવામા આવેલ.

**(૭.૧૧)** ફરીયાદપક્ષે આંક-૩૮ થી પોલીસ સાહેદ દીલીપભાઇ મણીલાલ પરમારનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, હું સને ૨૦૨૨માં આડેસર પો. સ્ટે. માં પો. કો. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન તા. ૧૩/૦૬/૨૦૨૨ના રોજ પોલીસ સબ ઇન્સ. બી.

જી. રાવલ નાઓએ ગુન્હો રજિસ્ટર કરવા યાદી સાથે અમોને આપેલ જે યાદીની ખરી નકલ મને બતાવવામાં આવે છે જેમાં બી. જી. રાવલ નાઓની સહી છે જે હું ઓળખી બતાવું છું જે કામમાં રજુ દાખલ આંક–૩૯. આ યાદી મળતા અમોએ પીએસઓ તરીકે ફરજમાં હોય આડેસર પો. સ્ટે. ના પ્રોહી ગુન્હા નંબર ૦૧૪૨/૨૦૨૨ પ્રોહી કલમ ૬૫એ, ૬૫ઇ, ૧૧૬બી, ૮૧ મુજબનો ગુન્હો ફરિયાદી અરવિંદસિંહ સુરૂભા ઝાલા નાઓએ આરોપી મેંદા જીવણ કોલી, ગોવિંદ કરશન કોલી, સુરેશ પ્રેમજી કોલી અને ભરત પ્રેમજી કોલી વિરુદ્ધ કરેલ જે ફરિયાદ મળતા સીઆરપીસી ૧૫૪ મુજબનો ઉતારો કરી આગળની તપાસ પો. ઇન્સ. એલ.સી.બી. પૂર્વ કચ્છ નાઓને સોંપેલ જે અંગેનો શેરો કરી મેં મારી સહી કરેલ જે હું ઓળખી બતાવું છું.

બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ફરીયાદીએ મારી રૂબરૂ કોઇ ફરીયાદ લખાવેલ નથી. બનાવ અંગે મને કોઇ જાતમાહીતી નથી અને હુ પી.એસ.ઓ. તરીકે હતો તેનો કોઇ મે બકલ નંબર લખાવેલ નથી.

**(૭.૧૨)** ફરીયાદપક્ષે આંક–૪૬ થી પોલીસ સાહેદ ભરતકુમાર ગંગારામભાઇ રાવલનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, હું સને ૨૦૨૨ માં આડેસર પોલીસ સ્ટેશનમાં પી. એસ. આઇ. તરીકે ફરજ બજાવતો હતો તે દરમિયાન અમોને ખાનગી રાહે બાતમી મળેલ જેથી અમો પો. કો વિષ્પુદાન ગઢવી , ડ્રાઇવર પો. કો ભગવાનભાઇ ચૌધરી એ રીતના ચિત્રોડ ગામના પુલીયા પાસે ગયેલા અને ત્યારે ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે મેંદા જીવણ કોલી રહે રાપર તથા ગોવિંદ કરશન કોલી રહે ખાનપર વાળાઓ ભારતીય બનાવટનો ઇગ્લીશ દારૂ મંગાવી ખાનપર ગામની સીમમા વોકળામા સંગ્રહ કરી રાખેલ છે અને તેઓના સાગરિત સુરેશ પ્રેમજી કોલી અને ભરત પ્રેમજી કોલી બંને રહે ત્રંબો વાળા બહારથી ગાડીઓ મંગાવી ભારતીય બનાવટનો ઇગ્લીશ દારૂ વેચાણ કરે છે તેવી બાતમી મળતા પો. હે. કો. રાજેશભાઇ પરમાર તથા કાંતીભાઇ રાજપુત તથા પો. કો યોગેન્દ્રસિંહ રાજપૂત તથા દલપતસિંહ સોલંકીનાઓને પણ ખાનપર ત્રણ રસ્તા પાસે આવવાનુ અમોએ કહેલ. ત્યારબાદ બે પંચોના માણસો બોલાવેલા જેમા પંચો પૈકી હીરાભાઇ રાણાભાઇ કોલી તથા બીજા દીનેશભાઇ લખમણભાઇ કોલીનાઓને બોલાવેલા અને તેઓને બાતમી હકીકતથી વાકેફ કરી હકીકતવાળી જગ્યાએ સરકારી વાહન તથા પ્રાઇવેટ વાહનથી જવા રવાના થયેલ અને સદર બાતમીવાળી જગ્યાએ જઇ ઝડતી તપાસ કરતા ખુલ્લા વોકળામાંથી ભારતીય બનાવટના અંગ્રજી દારૂની અલગ–અલગ બ્રાન્ડની પેટીઓ જોવામા આવેલ સાથેના માણસો સાથે સદરહુ મુદામાલ ભરીને લઇ જવા માટે ખાનગી વાહન મંગાવવા માટે જણાવેલ જેથી પો. કો દલપિતસિંહ સોલંકી બે પીકઅપ ગાડી રેડવાળી જગ્યાએ લઇને આવેલ સદરહુ જગ્યાએ અંધારુ હોય અને ગણતરી કરવી મુશ્કેલ હોય જેથી મુદામાલ પીકઅપ ગાડીમા ભરી લઇ સાથેના પોલીસ સ્ટાફના માણસો બેસાડી બંને પીકઅપ ગાડીઓ પોલીસ સ્ટેશન લઇ આવી નીચે ઉતારી ગણતરી કરતા નીચે મુજબનો અંગ્રજી દારૂ જોવા મળેલ. (૧) કોપ્ટર –૭ સ્ટ્રોંગ બીયર પ્રિમિયમના કંપની શીલ પેક ૫૦૦ મીલીના બિયરના ટીન જેના પર ફોર સેલ ઇન ગોવા સ્ટેટ ઓન્લી બ્રેવેડ એનડ કેનેડ બાય વુડ પેકર ડીસ્ટલરી એન્ડ બ્રેવિયર્સ

પી.વી.ટી એલ.ટી.ડી પ્લોડ નંબર–૯૬,૯૭,૧૦૦, હુસનન ગ્રોથ સેન્ટર ઈનડસ્ટ્રીયલ એરીયા હુસાન કર્ણાટક ૫૭૩૨૦૧ MGF DATE 26 NOV 21 USE BY 25 MAY 22 BATCH NO–27 લખેલ છે. જે બિયરના ટીન નંગ–૪૮૦ જે એક બિયરની કિ.રૂ–૧૦૦/– લેખે કુલ કિ.રૂ. ૪૮૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ. (૨) બોમ્બે રોયલ વ્હીસ્કી નેશનલસ ઓરીજનલની કંપની શીલ પેક ફોર સેલ ઇન ગોવા ના ક્વાટરીયા જેના પર બ્લેન્ડેડ એન્ડ બૉટલેડ બાય નેશનલ ડીસ્ટલરીઝ,સી–૩ કોર્લીમ ઇન્ટસ્ટ્રીઅલ, કોર્લીમ,ગોઆ જેના ઉપર MFG DATE AFK, 2001 NOV 20 લખેલ છે. જે ૧૮૦ મીલીના ક્વાટરીયા નંગ. ૫૪૨૪ જે એક ક્વાટરીયાની કિ.રૂ. ૧૦૦/– લેખે કુલ કિ.રૂ. ૫,૪૨,૪૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ છે. (૩) રોયલ બલ્યુ માલ્ટ વ્હીસ્કી કંપની શીલ પેક ક્વાટરીયા જેના પર ડીસ્ટીલેડ બલ્ડેડ એન્ડ બોટલેડ બાય પીગોટ ચેમ્પમન એન્ડ કો કોલવેલ ઈન્ડસ્ટ્રીયલ, ઈસ્ટેટ બેન્ડ્રાઝ ગોવા પ્રોડક્ટ ઓફ ઈન્ડીયા જેના ઉપર બેચ નંબર નથી જે ૧૮૦ મીલીના ક્વાટરીયા નંગ– ૧૨૯૬ જે એક ક્વાટરીયાની કિ.રૂ– ૧૦૦/– લેખે કુલ કિ.રૂ.૧,૨૯,૬૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ છે. (૪) રોયલ બ્લેક એપ્પલ વોડકાના કંપની શીલ પેક ક્વાટરીયા જેના પર ડીસ્ટીલેડ બ્લેન્ડેડ એન્ડ બોટલેડ બાય પીગોટ ચેમ્પમન એન્ડ કો કોલવેલ ઈન્ડસ્ટ્રીયલ, ઈસ્ટેટફોર બેન્ડ્રાઝ ગોવા ફોર સેલ ઈન ગોવા જેના ઉપર બેચ નંબર નથી જે ૧૮૦ મીલીના ક્વાટરીયા નંગ–૭૪૪૦ જે એક ક્વાટરીયાની કિ.રૂ.૧૦૦/– લેખે કુલ કિ.રૂ. ૭,૪૪,૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ છે. આ ઉપરોકત મુદ્દામાલ પંચનામાની વિગતે કબ્જે કરેલ જે અંગેનું પંચનામુ કલાક ૨:૩૦ થી ૬:૩૦ સુધીનું કરવામાં આવેલ. અને પકડાયેલ મુદ્દામાલમાંથી દરેક બ્રાંડમાંથી એક એક બોટલ સેમ્પલ અર્થે કાઢી લઈ તેના ઉપર ભીમાસર પી.એસ.આઇ.ના હોદ્દાનું સીલ લગાડી તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ. ત્યારબાદ અમારી સાથેના હે. કો અરવિંદસિંહ સુરૂભા ઝાલાએ અમારી રૂબરૂ મેદા જીવણ કોલી રહે. રાપર, ગોવિંદ કરશન કોલી રહે. ખાનપર તથા તેના સાગરીત સુરેશ પ્રેમજી કોલી તથા ભરત પ્રેમજી કોલી એક બીજાને મદદ ગારી કરી પ્રોહીની કલમ ૬૫એઈ. ૧૧૬(બી), ૮૧ મુજબનો ગુનો કરેલ હોય જે અંગેની ફરીયાદ મારી રૂબરૂમા આપવામા આવેલ.મને આંક–૧૬ વાળી ફરીયાદ બતાવવમાં આવે છે તેમા રૂબરૂ તરીકે મારી સહી છે અને ફરીયાદી તરીકે અરવિંદસિંહ સુરૂભા ઝાલાનાઓની સહી છે જે ઓળખી બતાવુ છુ. સદરહુ ગુનાની ફરીયાદ દાખલ થવા માટે પી. એસ. ઓ. ને યાદી કરવામાં આવેલ અને ફરીયાદ દાખલ કર્યાબાદ સદરહુ ગુનાની આગળની તપાસ એલ. સી. બી. પૂર્વ કચ્છ ગાંધીધામને સોપવામાં આવેલ અને આ ગુનાના કામમા પંચો રૂબરૂ પંચનામુ કરવામા આવેલ મને આંક–૧૯ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તેમા બંને પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે મે મારી સહી કરી મારો હોદ્દો બાંધેલ. મને આંક–૦૨ વાળી મુદ્દામાલ પાવતી બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છું. આ ગુનાની આગળની તપાસ પોલીસ અધિક્ષકશ્રી પૂર્વ–કચ્છ ગાંધીધામની કચેરીના આદેશ મુજબ દસ લાખ કે તેથી વધુના પ્રોહિબીશનના જથ્થાની તપાસ એલ. સી. બી. ને સોંપવી, જેથી અમોએ આગળની તપાસ એલ. સી. બી. શાખાને સોંપેલ. આરોપીઓને હું ઓળખી શકુ છું.

બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા પડતર જગ્યા છે. બનાવના દીવસે મારી ડ્યુટી નાઇટમા હતી. એ હું ચોક્કસ કહી ન શકું કે કે બનાવના દીવસે કેટલા ગામડાઓમા નાઇટ પેટ્રોલિંગ કરેલ.અમો સરકારી વાહનમાં પેટ્રોલીંગમા ગયેલા. એ વાત ખરી છે કે પંચનામામા કે મારી રૂબરૂની ફરીયાદમાં સરકારી વાહનનો રજીસ્ટ્રેશન નંબર લખાવેલ નહી. એ વાત ખરી છે કે મુદ્દામાલ બિનવારસુ મળી આવેલ. એ વાત ખરી છે કે આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી પંચનામાની વિગતે કોઇ મુદ્દામાલ મળી આવેલ નહી. મારી રૂબરૂના પંચનામામા ચર્તુદીશા લખવામા આવેલ કે કેમ તે પંચનામુ જોઇને હું કહી શકુ. મને આંક ૧૯ વાળુ પંચનનામુ બતાવવામા આવે છે જે જોઇને કહુ છુ કે મારી રૂબરૂના પંચનામામા ચર્તુદીશા લખવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે ખાનગી વાહનની જેનાથી મુદ્દામાલ પોલીસ સ્ટેશન લઇ જવામા આવેલ તે વાહન કોની માલીકીનુ હતુ તે પંચનામામા લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાલી જગ્યાની આજુબાજુ પડતર જમીન આવેલ છે. એ વાત ખરી છે કે બનાવવાલી જગ્યાની આજુબાજુ સહેલાઇથી અવર–જવર થઇ શકે. એ વાત ખરી છે કે રેડ વાલી જગ્યાની આજુબાજુ ખેતરો અને વાડીઓ પણ આવેલ છે.એ વાત ખરી છે કે સ્થળ ઉપર મુદ્દામાલ બોટલ ખોલીને તેનુ પ્રાથમિક પંચનામુ કરવામા આવેલ નહી.એ વાત ખરી નથી કે આવી કોઇ રેડમા ગયેલ નથી કે અમારી રૂબરૂ કોઇ આવી ફરીયાદ આપેલ નથી કે અમોએ આવુ કોઇ પંચનામુ કરેલ નથી.

**(૭.૧૩)** ફરીયાદપક્ષે આંક–૪૭ થી પોલીસ સાહેદ દીલુભા રામભા ગઢવીનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, હું સને ૨૦૨૨ માં એલ.સી.બી. પુર્વ કચ્છમાં પી. એસ. આઇ. તરીકે ફરજ બજાવતો હતો તે દરમિયાન તા.૧૩/૬/૨૦૨૨ના રોજ આડેસર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૫૨૨૦૧૪૨/ ૨૦૨૨ના પ્રોહી કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી) વિ. ગુના કામે આડેસર પોલીસ સબ ઇન્સ્પેકટર બી.જી.રાવલ દવારા પ્રોહીબીશનનો જથ્થો ૧૪૬૪૦ બોટલનો કી ૧૪૬૪૦૦૦/–નો ઝડપી પાડવામાં આવેલ. જેની તપાસ એલ.સી.બી. પુર્વ કચ્છને સુપ્રત કરવામાં આવેલ સદરહુ તપાસ પી.આઇ. એલ.સી.બી. દવારા અમોને આપવામાં આવેલ. સદર ગુના કામે તા.૧૩/૬/૨૦૨૨ના રોજ એફ.એસ.એલ.રવાનગી મોકલવામાં માટે રવાનગી પત્રક તથા સતા અંગે પ્રમાણપત્ર ડી.વાય.એસ.પી.ભચાઉનાઓએ આપેલ જેની ખરી નકલ મને બતાવવામાં આવે છે જેમાં મારી તથા ડી.વાય.એસ.પી. સાહેબની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક... આપવામાં આવે છે. તેમજ સદરહુ ગુનાના કામે એફ.એસ.એલ.રીપોર્ટ કચેરીમાંથી આવેલ જેની ખરી નકલ મને બતાવવામાં આવે છે જેમાં ત.ક.અ તરીકે વાય.એસ.પટેલ નાઓની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૪૯ આપવામાં આવે છે. તેમજ સદરહુ ગુનાના કામે પોલીસ સાહેદોના નીવેદનો નોધવામાં આવેલા તેમજ પ્રોહીબીશનના બ્રાન્ડની તપાસ માટે ડીસ્ટલરી કંપનીની યાદી લખવામાં આવેલ.ત્યારબાદ અમારી બદલી થતા સદરહુ ગુનાની તપાસ અમોએ એમ.એમ.જાડેજા એલ.સી.બી. પી.આઇ. નાઓને સુપ્રત કરેલ.આરોપીઓને હું ઓળખી શકુ છું.

બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા પડતર જગ્યા છે.એ વાત ખરી છે કે પંચનામામા કે ફરીયાદમાં સરકારી વાહનનો રજીસ્ટ્રેશન નંબર લખાવેલ નહી. એ વાત ખરી છે કે મુદ્દામાલ બિનવારસુ મળી આવેલ. એ વાત ખરી છે કે આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી પંચનામાની વિગતે કોઇ મુદ્દામાલ મળી આવેલ નહી.એ વાત ખરી છે કે ખાનગી વાહનની જેનાથી મુદ્દામાલ પોલીસ સ્ટેશન લઇ જવામા આવેલ તે વાહન કોની માલીકીનુ હતુ તે પંચનામામા લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાલી જગ્યાની આજુબાજુ પડતર જમીન આવેલ છે. એ વાત ખરી છે કે બનાવવાલી જગ્યાની આજુબાજુ સહેલાઇથી અવર–જવર થઇ શકે. એ વાત ખરી છે કે રેડ વાલી જગ્યાની આજુબાજુ ખેતરો અને વાડીઓ પણ આવેલ છે.એ વાત ખરી છે કે સ્થળ ઉપર મુદ્દામાલ બોટલ ખોલીને તેનુ પ્રાથમિક પંચનામુ કરવામા આવેલ નહી.એ વાત ખરી છે કે અમે રેડમા ગયેલ નથી કે અમારી રૂબરૂ કોઇ આવી ફરીયાદ આપેલ નથી કે અમોએ આવુ કોઇ પંચનામુ કરેલ નથી.એ વાત ખરી નથી કે સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૮) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે તેઓના વિ.વ.શ્રીની દલીલો સાંભળી. વિ.એ.પી.પી.શ્રી જણાવે છે કે, આ કામના આરોપી પાસેથી પોલીસ પંચો રૂબરૂ પ્રોહી મુદૃમાલ કબજે કરેલ છે. ફરીયાદપક્ષના કેસને પંચો સમર્થન ન આપતા હોય આમ, છતાં પોલીસ સાહેદને ન માનવા માટેનું કોઈ દેખીતું કારણ નથી. જેથી આરોપીને નવા પ્રોહીબીશન એકટ મુજબ ૩ વર્ષની કેદની સજા થવી જોઈએ. આ કામના આરોપીના વિ.વ.શ્રી તેઓની દલીલમાં જણાવે છે કે, આરોપી તદૃન નિર્દોષ છે. તેઓ સામેના જે આક્ષેપ થયેલ છે તે પ્રકાર નો કોઈ ગુનો આરોપીએ કરેલ નથી. આરોપીને ગુનાના કામે તદૃન ખોટી રીતે સંડોવી દીધેલ છે. વધુમાં આરોપી સામે જે કલમો હેઠળ તહોમતનામુ મુકવામાં આવેલ છે તે કલમોના કોઈ આવશ્યક તત્વો પુરવાર થતા નથી. તપાસ કરનાર અધિકારીએ આ કામે તપાસ દરમ્યાન કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. પંચોએ ફરીયાદપક્ષના કેસને મદદ કરેલ નથી. તે તમામ સંજોગોમાં આરોપીને ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

આમ, સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષ પક્ષના કેસ મુજબ તેઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબની તારીખ અને સમયે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન આરોપી પાસેથી વિના પાસ પરમીટનો પ્રોહી મુદૃામાલ મળી આવતાં આરોપીઓ સામે ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૬૫ એઈ, ૧૧૬(બી), ૮૧ મુજબ હાલનો કેસ દાખલ કરેલ છે.

(૯) ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીના કબજામાંથી તેઓએ પંચો રૂબરૂ પ્રોહી મુદ્દામાલ કબજે કરેલ છે. આ સમગ્ર કેસની હકીકતો જોતાં ફરીયાદપક્ષ ધ્વારા આ કામે ફકત પોલીસ સાહેદો જ તપાસેલાં છે. જયારે ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવવાળું સ્થળ જાહેર વિસ્તાર હતો અને ત્યાં ઘણાં બધા માણસો રહેતા હતાં તો ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરવા સ્વતંત્ર સાહેદોને તપાસી શકયુ હોત. તેટલુ જ નહી પણ ફરીયાદપક્ષના કેસ મુજબ જે પંચની રૂબરૂમાં આરોપી પાસેથી જે પ્રોહી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે પંચોની કોર્ટ રૂબરૂની જુબાનીમાં તેઓ પંચનામાની કોઈ વિગત તેઓ જાણતા નથી અને તેઓએ ફકત તૈયાર પંચનામા માં પોલીસના કહેવાથી સહી કરેલ હતી. આમ, આ પંચ ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થન આપતા નથી. તે જ રીતે પ્રોસીકયુશનના કોઈ સાહેદ ધ્વારા આરોપીઓ પાસેથી પકડાયેલ બોટલ ઉપર તેના ઉત્પાદકનુ અસલ લેબલ હતુ તેવુ પણ કોઈ કથન કરેલ નથી કે ઈગ્લીશ દારૂની બોટલ ઉપરનુ લેબલ અસલ છે કે નહી તે બાબતે ઈગ્લીશ દારૂની બોટલ ઉપર જણાવેલ ઉત્પાદકનું નિવેદન લીધેલ નથી. વધુમાં આ કામે જે જગ્યાએથી મુદ્દામાલ કબજે કર્યો છે તે જગ્યાના માલિકીના પુરાવા રજુ કરેલ નથી. વધુમાં આ કામે કોઈ પોલીસ સ્ટાફના માણસો સિવાય અન્ય કોઈ સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી. તે તમામ સંજોગોમાં ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી પાસેથી પ્રોહી મુદ્દામાલ મળી આવેલ હોવાનું સાબીત થતુ નથી.

આમ, ફરીયાદપક્ષના કેસ મુજબનો કોઈ ગુનો સાબીત થતો ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપુ છું અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

:: **<u>હુકમ</u>** ::

(૧) આ કામના આરોપી નં. **(૧)મહેન્દ્ર ઉર્ફે મેંદો ઉર્ફે મેંદીયો જીવણભાઈ મકવાણા (કોલી),** રહે. ગેલીવાડી, રાપર (કચ્છ),આરોપી નં.**(૨)ભરતભાઈ પ્રેમજીભાઈ કાનાણી(કોલી),** રહે. મુળ–ત્રંબો, તા.રાપર, હાલે દુધ ડેરી વિસ્તાર, રાપર, તા.રાપર (કચ્છ) તથા આરોપી નં. **(૩) સુરેશભાઈ પ્રેમજીભાઈ કાનાણી (કોલી),** રહે. ગેલીવાડી, રાપર (કચ્છ) નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એઈ), ૧૧૬(બી), ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શં કાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદામાલ વાહન/મોબાઈલ અંગે જો વચગાળાની કસ્ટડી અંગે કોઈ હુકમ થયેલ હોય તો કાયમ કરવો અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો માલીકીની ખરાઈ કરી પરત કરવો.

(૪) મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૫/૦૬/૨૦૨૬
મુ.રાપર

**(કુલદીપ મુકેશકુમાર ગઢવી)**
જ્યુડી.મેજી.ફ.ક., રાપર.
જજ કોડ જીજે૦૧૫૫૫